

પશ્ચિમ જર્મનીનાં બર્લિન ખાતે ગાંધી કેન્દ્ર ચલાવતાં શ્રી પીટર રુહ તેમના ૧૨ જેટલા ગાંધીપ્રેમી જર્મનમિત્રો સાથે ભારતમાં ગાંધી પ્રવૃતિઓના અભ્યાસ પ્રવાસે આવ્યા છે. ફ્રેન્ક ફર્ટથી મુંબઈ અને સુરત જીલ્લામાં વેડછી વિસ્તારનો પ્રવાસ કરી તેઓ તા.૨૩, ૨૪, ૨૫ ડીસેમ્બરે અમદાવાદમાં રોકાઈ ગાંધી આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ મજૂર મહાજન સંઘ વગેરે સંસ્થાઓની મુલાકાત લેશે. અને તા.૫થી૧૭ જાન્યુઆરી સૌરાષ્ટ્રમાં ૪૦૯ કિલોમીટરનો સાયકલ પ્રવાસ કરીને ગાંધીના ગુજરાતના ગામડાઓનું નિકટથી દર્શન કરશે.

આ બધા ગાંધી ભક્ત જર્મનો સાબરમતી આશ્રમની મુલાકાતે ગયા ત્યારે આ તસવીરમાં તેમને ઝડપવામાં આવ્યા છે.